મિત્રો સાથે નદીમાં ન્વાહા પડેલો ૧૬ વર્ષનો કિશોર ડુબી ગયો

નાના ચિલોડા નજીક બનેલી ઘટનામાં અડાલજ, ઈન્ફોસીટી, ડભોડા અને નરોડાની પોલીસે હદ નક્કી કરતા છ કલાક લગાડ્યા : ૧૨ વાગે નદીમાંથી ફાયરબ્રિગેડે નિકાળેલો મૃતદેહ સાંજે સવા છ વાગ્યા સુધી નદી બહાર પડ્યો રહ્યો

ગાંધીનગર, તા. ૨

અમદાવાદના હંસપુરા વિસ્તારના ત્રણ મિત્રો આજે સવારે નાના ચિલોડા નજીક સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા ત્યારે એક ૧૬ વર્ષનો કિશોર નદીમાં ખાડામાં ગરકાવ થઈ જતા ડુબી ગયો હતો અને મોતને ભેટ્યો હતો. એક તરફ તેના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી તો બીજી તરફ ચાર પોલીસ સ્ટેશનની ટીમો બનાવ સ્થળની હદ માટે ગોથે ચઢ્યા હતા. ફાયરબ્રિગેડે બપોરે ૧૨ વાગે કિશોરનો મૃતદેહ બહાર કાઢ્યો હતો, સાંજે સવા છ વાગ્યે હદની બબાલ સમેટવામાં આવી હતી. છ કલાકથી વધુ સમય કિશોરનો મૃતદેહ રઝળ્યો હતો અને પરિવારજનો પણ પોલીસનો તમાશો જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. અંતે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરવા મોકલી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ નરોડા નજીક આવેલા હંસપુરા વિસ્તારમાં રહેતો ૧૬ વર્ષિય અલ્પેશસિંહ દિલીપસિંહ ઝાલા આજે સવારે તેના મિત્રો સાથે નાના ચિલોડા પાસે ગોબરેશ્વર મહાદેવ સામે સાબરમતી નદીમાં ન્વાહા આવ્યો હતો. મિત્રો સાથે નદીમાં અલ્પેશસિંહ ન્હાઈ રહ્યો હતો તે દરમ્યાન અચાનક નદીમાં ખાડામાં પગ ઘુસી જતાં ડુબી ગયો હતો. તાત્કાલીક ફાયરબ્રિગેડને અને પોલીસને ઘટનાની જાણ કરતાં ગાંધીનગર ફાયરબ્રિગેડ સ્થળ પર આવી પહોંચી હતી અને ૧૨ વાગ્યે મૃતદેહ નદીમાંથી બહાર નીકાળી દીધો હતો. તો બીજી તરફ આ બનાવ જ્યાં બન્યો ત્યાં ચાર પોલીસ મથકોની હદ અડતી હોવાથી નરોડા, ડભોડા ઈન્ફોસીટી અને અડાલજ એમ ચાર પોલીસ સ્ટેશનોમાંથી ટીમો આવી ગઈ હતી અને કોની હદ છે ? તે પ્રશ્ને માનવતા નેવે મુકી દીધી..! એક તરફ કિશોરનો મૃતદેહ લઈને પરિવારજનો રડતા રહ્યા તો બીજી તરફ હદ બાબતે ચાર પોલીસ સ્ટેશનો બાખડતા રહ્યા...! છ કલાક સુધી મૃતદેહ રઝળતો રહ્યો. અંતે ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોતાની હદ હોવાનું માનીને મૃતદેહ સાંજે સવા છ વાગ્યાના અરસામાં સ્વિકાર્યો હતો. નોંધનીય છે કે આ જ સ્થળે ત્રણેક દિવસ પહેલા ડુબી જવાનો કિસ્સો બન્યો હતો ત્યારે નરોડા પોલીસે કાર્યવાહી કરી હતી તો ત્રણ દિવસમાં હદ કેવી રીતે બદલાઈ ગઈ..!

વધુ એક સીએનજી સંચાલીત મારૂતી વાન સળગી ઉઠી

વાસણીયા મહાદેવ અને રાંધેજા ફાટક માર્ગ પર બની ઘટના કારમાંથી ધુમાડા નીકળતા દંપતિ કારમાંથી ઉતરી ગયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરથી મહેસાણાના મેઉં ગામે પોતાના ઘર તરફ એક દંપતિ બપોરના અરસામાં મારૂતીવાન લઈને જઈ રહ્યુ હતુ. તે દરમ્યાન રાંધેજા ફાટક ક્રોસ કર્યુ ત્યારે ગાડીમાંથી અચાનક ધુમાડા નિકળતા જોઈ ગાડીને બ્રેક લગાવી સાઈડમાં કરી દીધી હતી અને ગાડીમાં સવાર પતિ-પત્નિ ગાડીમાંથી ઉતરી ગયા હતા. ગણતરીની મીનીટોમાં જ ગાડી સળગી ઉઠી હતી અને ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી ને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી.

ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં ગેસ સંચાલીત ગાડીઓ સળગી ઉઠવાના કિસ્સાઓ સંખ્યાબંધ બનવા પામ્યા છે. આજે વધુ એક સીએનજી ગેસ સંચાલીત કાર સળગી ઉઠવા પામી હતી. મહેસાણાના મેઉં વિસ્તારમાં રહેતા ચાવડા વિક્રમજી ઉદાજી તેમની પત્નિ સાથે વાન નં. જીજે-૨.એ.પી. ૪૭૫૫ લઈને ગાંધીનગરથી પોતાના ઘર તરફ આજે બપોરે જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક તેમની ગાડીમાં આગ ભભુકી ઉઠી હતી. સમયસુચકતા દાખવીને ગાડીમાં સવાર દંપતિ ગાડી સાઈડમાં કરીને ઉતરી જતાં તેમને કોઈ ઈજા થવા પામી ન હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. આગમાં લપેટાઈ ચુકેલી ગાડી સળગીને ખાખ થઈ ગઈ હતી.

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનની ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા રેડિયેન્ટ સ્કુલ ઓફ સાયન્સ, ખ-૦ નજીક

ગાંધીનગર ખાતે તા. ૩૧-૫-૨૦૧૫ના રોજ જુદી જુદી ચાર કેટેગરીમાં ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અન્ડર-૯, અન્ડર-૧૩ અને અન્ડર-૧૬ એમ બાળકો માટે ત્રણ કેટેગરી ઉપરાંત ઓપન કેટેગરીના ખેલાડીઓ માટે એક દિવસીય ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તમામ કેટેગરીના મળી કુલ ૧૩૩ ખેલાડીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સનો ખુબ જ સુંદર હોલ સવારના નવ કલાકથી ખેલાડીઓ ઉપરાંત જુનિયર ખેલાડીઓના વાલીઓથી ભરાઈ ગયો હતો. રેડીયેન્ટ સ્કુલ ઓફ સાયન્સના ખૂબ જ રમણીય વાતાવરણમાં ખેલાડીઓનો પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં ઓપન કેટેગરીના કુલ ૬૨ ખેલાડીઓ માટે ૬ રાઉન્ડના અંતે ખુબ જ રસાકસીપૂર્વકની સ્પર્ધામાં મુકેશ સોલંકી ચેમ્પિયન, હાર્દિક જોષી-બીજા, પરવેજ અન્સારી-ત્રીજા, હર્ષદ કાપડિયા-ચોથા, વિરેન્દ્રસિંહ ઝાલા-પાંચમા ક્રમે રહ્યા હતા.જે તમામને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૬ થી ૧૦ ક્રમે આવનાર ખેલાડીઓને ઈન્ટર નેશનલ ચેસ સેટ આપી સન્માનવામાં આવેલ.

અન્ડર-૧૬ કેટેગરીમાં ૩૨ ખેલાડીઓ વચ્ચે ૫ રાઉન્ડના અંતે પંકિત પ્રજાપતિ ચેમ્પિયન, ચિરાગ રંગપુરિયા-બીજા, ધ્યાનમ જોષી-ત્રીજા, જેરીન પટેલ-ચોથા અને કવન ચૌહાણ-પાંચમા ક્રમે રહ્યા હતા. અન્ડર-૧૩માં આયુષ સિંહા ચેમ્પિયન, હર્ષવર્ધન રાજાવત-બીજા, સિદ્ધાર્થ ઐયર-ત્રીજા, હર્ષ જાદવ-ચોથા અને હર્ષિલ બ્રહ્મભટ્ટ-પાંચમા ક્રમે રહ્યા હતા.

કલોલ તાલુકા સાથે તંત્રનું ઓરમાયુ વર્તન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આયોજન હેઠળના વિકાસ કામો કલોલ તાલુકામાં કરવા માટે તંત્ર ઓરમાયુ વર્તન દાખવતુ હોવાના આક્ષેપો કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર તથા શ્રી અજીતસિંહ રાઠોડ(અલુવા)એ કર્યા હતા.

આ બન્ને આગેવાનોએ જણાવ્યુ હતુકે ૧૩-૧૪ અને ૧૪-૧૫ના કામો મંજૂર થઈ ગયા હોવા છતાં હજુ શરૂ કરાયા નથી આ તંત્રની ઉદાસીનતા નથી તો શુ છે ?

આ સભ્યોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ટની ફાળવણી પછી જે હેડ હેઠળ ગ્રાન્ટ આવી હોય તે નહિ વાપરતાં અન્ય ખર્ચમાં નાણાં વપરાયા હોવાનું પણ બહાર આવ્યું છે.

કલોલ તાલુકો ઓરમાયો તાલુકો હોય તેવુ વલણ ચિંતાજનક છે. સંતુલિત વિકાસની વાતો માત્ર કાગળ પર જ થાય છે.

આજે સે-૬માં દત્તબાવની પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા દત્તબાવની પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ બુધવારે ઉપેક્ષ અશોકભાઈ મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૯૩/૨, સે-૬-સી, ભુવનેશ્વરી માતાજીના મંદિર પાસે સાંજે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન યોજાશે. જેમાં નગરજનો અને રંગભકતોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યં છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૬ જૂન ગુરૂવારના રોજ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૫-૦૦ વાગે મળશે. આ બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર સભ્યોના ધો-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ પૌત્ર-પૌત્રીઓની મળેલ માર્કશીટ અને તેની યાદી સાથે દરેક કારોબારી સભ્યોએ અચૂક બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. બેઠકમાં તે સાથે અન્ય અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સેક્ટર-૨૮ દત્ત મંદિરનો ૩૦મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨

સેક્ટર-૨૮ સ્થિત દત્ત મંદિરનો ૩૦મો પાટોત્સવ યોજવામાં આવશે. ચાર દિવસીય પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. તેમજ શ્રી રંગ્ વધૂત મહારાજશ્રીના માતાજીની મૂર્તિ પ્રસ્થાપિતના ૨૫ વર્ષ પૂર્ણ થતા શ્રીયાગ યોજાશે.

શહેરના સેક્ટર-૨૮માં આવેલ શ્રી દત્ત મંદિરનો ૩૦મો પાટોત્સવ ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે યોજાશે. પાટોત્સવ તા. ૬ થી ૯ જૂન દરમિયાન યોજાશે. ૬ જૂનના રોજ રાત્રે ૮.૩૦ કલાકે વિપુલ ત્રિવેદી પોતાના કંઠેથી અવધૂતી આનંદ ભજન કરશે. ૭મીએ બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન ભાનુબેન શાસ્ત્રી દ્વારા આનંદનો ગરબો ગાવામાં આવશે. ૮મીએ રાત્રે ૮.૩૦ કલાકે શ્રીરંગ અવધૂત મહારાજશ્રીના માતાજીના જીવન ક્વન પર રાજપીપળા નિવાસી શ્રી રંગ પ્રસાદ પ્રવચન આપશે. ૯મીના રોજ સવારે ૮.૦૦ કલાકે ધજા આરોહણ કરાશે ત્યાર બાદ સવારે ૯.૩૦ કલાકે નારેશ્વરના આચાર્ય સર્વદનભાઈ યાગ પ્રારંભ કરાવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે મહિલાઓએ વડ સાવિત્રી વ્રતની ઉજવણી કરી હતી. ચિલોડા ગામની મહિલાઓએ પોતાના પતિદેવોના દિર્ઘાયુ માટે પૂજા અર્ચના કરી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સફાઈ કામદાર મંડળના પ્રમુખના વર્તનથી અન્ય સફાઈ કર્મચારીઓ ભયભીત

પ્રમુખ શાંતાબેન સફાઈ કર્મચારી હોવા છતા ત્રણ વર્ષથી હાથમાં ઝાડુ પકડ્યુ નથી : મનપાના નિયમોને ઘોળીને પી જાય છે : અન્ય કામદારોએ ન્યાય અપાવવા માગ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કર્મચારી શાંતાબેન ચાવડાની કામગીરીથી અન્ય સફાઈ કર્મચારીઓ ત્રસ્ત થઈ ગયા છે. પોતે સફાઈ કર્મચારી હોવા છતાં સફાઈ કરતા નથી અને સફાઈ કામદાર મંડળના પ્રમુખ હોવાના નાતે ધાક ધમકીઓ આપી અન્ય સફાઈ કર્મચારીઓને પરેશાન કરી રહ્યા છે. આ મેડમ ઉપર કોઈ મોટો હાથ હોવાની પણ અન્ય સફાઈ કર્મચારીઓ શંકા સેવી રહ્યા છે.

અમદાવાદ-ગાંધીનગર સફાઈ કર્મચારી મંડળના પ્રમુખ શાંતાબેન ચાવડા પોતાના હોદ્દાનો દૂર ઉપયોગ કરી અન્ય કર્મચારીઓને પજવી રહ્યા છે. શાંતાબેને છેલ્લા ત્રણ વર્ષથી સફાઈ માટે સાવરણો પણ પકડ્યો નથી. અને સફાઈ કર્મચારીઓને આપવામાં આવતો ગણવેશ પણ પહેરવામાં શરમ અનુભવે છે.

પરસેવો પાડ્યા વિના પગાર લેતા શાંતાબેન પોતે મહાનગર પાલિકાના સર્વે સર્વા હોય તેમ સુચનાઓને ઘોળીને પી જાય છે. સહ કર્મચારીઓ આ બાબતે રજુઆત કરે છે તો તેઓ દાદાગીરી પર ઉતરી આવે છે. તમારે જેને ફરિયાદ કરવી હોય તેને કરો કોઈ મારૂ કશુ જ બગાડી શકવાના નથી તેવા શબ્દો ઉચ્ચારે છે.

અન્ય સફાઈ કર્મચારીઓએ વધુમાં જણાવ્યું છે કે વાલ્મિકી જાતિના કર્મચારીઓ સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન કરે છે. તેઓ કોમવાદ ફેલાવે છે અને પોતાના હોદ્દાનો ડર બતાવે છે. વર્ષ ૨૦૦૬માં રોજમદાર સફાઈ કર્મચારી તરીકે મનપામાં સમાવવામાં આવ્યા હતા પરંતુ ઉપરવાળાના આશીર્વાદથી મનપાના કર્મચારી બનાવી દેવામાં આવ્યા છે. અખિલ ભારતીય વાલ્મિકી મહાસભાના ઉપાધ્યક્ષ દિનેશભાઈ સોલંકીએ આ બાબતે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, ઝોનલ ઓફિસર અને અખિલ ભારતીય મહાસભા દિલ્હીના અધ્યક્ષને લેખિત રજૂઆત કરી ન્યાય અપાવવા માંગણી કરી છે.

વધુમાં જણાવ્યું છે કે શાંતાબેનના મંડળના વ્યક્તિઓ દ્વારા અમને ધમકીઓ આપવામાં આવે છે. અમારા જીવનુ જોખમ છે અમને કોઈ પણ થશે તો જવાબદાર કોણ ? ત્યારે પ્રમુખ ઉપર મોટા માથાના છુપા આશીર્વાદ હોવાની શંકા પણ કામદારોએ વ્યક્ત કરી છે. શાંતાબેનના ત્રાસથી છોડાવવા કર્મચારીઓએ માંગ કરી છે.

ટ્રાફિક નિયમનનું પાલન પોલીસ કરે તે માટે ઝૂંબેશ

હેલ્મેટ, સીટ બેલ્ટ વગર ફરતા કે વાહનો પર 'P' કે ફેન્સી નંબર પ્લેટ ચિતરાવીને ફરતી પોલીસને પકડવા ડીએસપીનો આદેશ

ગાંધીનગર, તા. ૨

પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા જ ટ્રાફીક નિયમનનું પાલન થતુ ન હોવાની ગંભીર બાબત ગાંધીનગર ડીએસપીને ધ્યાને આવતા આવી પોલીસને પકડીને તેમને દંડ કરવા માટે ટ્રાફીક પોલીસને ડીએસપીએ આદેશ કર્યો છે. પોલીસ ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન ન કરે તે માટે ખાસ ઝુંબેશ રાખવાના આદેશ પણ જારી કરી દેવામાં આવ્યા છે.

પોલીસ વિભાગમાં નોકરી કરતા અધિકારી-કર્મચારીઓએ પોતાના વાહનો ઉપર 'P' 'પોલીસ' કે પોલીસ દર્શાવતુ લખાણ અથવા લાલ-વાદળી પટ્ટીની નિશાની કરાવેલી હોય તે તેને દૂર કરવામાં આવશે. તે ઉપરાંત હેલ્મેટ, સીટ બેલ્ટ કે ડાર્ક ફિલ્મનું પાલન નહી કરનાર પોલીસ વિરૂદ્ધ નિયમ મુજબ દંડ કરવા ઉપરાંત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ગાંધીનગર ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે કડક સુચના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને આપી દીધી છે કે તેમના તાબા હેઠળના કર્મચારીઓના વાહનોની પણ ચેકીંગ કરે અને સતત સાત દિવસ સુધી રોલકોલમાં પણ આ બાબતે સુચના આપવી. તે ઉપરાંત જિલ્લા ટ્રાફીક પોલીસને પણ સખ્ત સુચના આપવામાં આવી છે કે ટ્રાફીકના નિયમોનું પાલન નહી કરનાર પોલીસ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ઝુંબેશ શરૂ કરવી.

બાગાયત રજત જયંતિ મિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજયમાં બાગાયત ખાતુ સને ૨૦૧૫-૧૬માં ૨૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. બાગાયત ખાતાના રજત જયંતિ નિમિત્તે તા. ૭-૬-૨૦૧૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે બાગાયત પરિવાર રજત જયંતિ મિલન સમારોહનું આયોજન કરેલ છે.

બાગાયત ખાતામાં સને ૧૯૯૧થી આજ દિન સુધી ફરજ બજાવતા અને ફરજ બજાવીને બદલી/નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે. રજીસ્ટ્રેશન માટે જિલ્લા કક્ષાની કચેરીનો અથવા બી.વી. ચૌહાણ મો.નં. ૯૮૭૯૦૯૭૦૦૩ અને ડી.એમ. પટેલ મો.નં. ૯૪૨૬૫૦૧૪૨૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૩

તાપમાન

મહત્તમ : ૩૯.૯ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

સ્ક્રીન-૩ :
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

સ્ક્રીન-૩ :
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

સ્ક્રીન-૫ :
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

વૃષભ : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. બબુબેન રેવાભાઈ પરમાર (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૫૧/૧, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. કાન્તીજી ધૂળાજી ઠાકોર (ઉ.વ.૫૬) ગામ - વાવોલ, તરપોજ વાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીબેન ગણપતભાઈ પરમાર (ઉ.વ.૫૯) ૮૮૬/૨, સેકટર-પસી, ગાંધીનગર